॥ ओ३म् ॥

ગોકરુણાનિધિ

(સ્વા. દયાનંદ સરસ્વતી નિર્મિત)

અનુવાદક

પં. મયાશંકર શર્મા

આચાર્ય, ગુરુકુળ મહાવિદ્યાલય, આણંદ

પ્રકાશક

શ્રી. મું. પ્ર. આર્ય પ્રતિનિધિ સભાની

વતી

બાપુભાઈ કુબેરદાસ પટેલ

સં. મંત્રી.

સંવત	આર્ય સંવત	દયાનંદ
૧૯૯૭	૧,૯૭,૨૯,૪૯,૦૪૧	૧૧૬

મૂલ્ય : ૦-૧-૦

આર્યસમાજના નિયમો

૧ સર્વ સત્યવિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨ ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિર્વિકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અનંત, અજન્મા, અનાદિ, અનુપમ, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે; તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

૩ વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું, ભણાવવું અને સાંભળવું, સંભળાવવું એ સઘળા આર્યોનો પરમ ધર્મ છે.

૪ સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સદા તૈયાર રહેવું જોઈએ.

૫ સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

૬ સંસારનો ઉપકાર કરવો અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

૭ સર્વની સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮ અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯ દરેક આર્યે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ; પરંતુ સર્વની ઉન્નતિમાંજ પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦ સઘળા મનુષ્યોએ સામાજિક, સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર અને સ્વહિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઈએ.

શ્રી. રા. પું. 'આર્યપ્રકાશ' પ્રેસ, આણંદમાં રણછોડભાઈ વહેરીભાઈ પટેલે પ્રકાશક માટે છાપ્યું. તા. ૧૦-૧-૪૧

॥ ओ३म् ॥

એક પરિચય

આર્યસમાજ અને ઋષિ દયાનંદના નામ અને કામથી જન-સમાજ ધીરેધીરે પરિચિત થતો જાય છે, એ આનંદનો વિષય છે. આજનો હિંદુ—પછી ભલે તે ગમે તે જાતિનો હોય, એટલું તો હવે સમજવા લાગ્યો છે કે આર્યસમાજ હિંદુ જાતિનો તારણહાર છે. તે વિધર્મીઓથી બચાવનાર, નિર્બળોનો પક્ષકાર, સંસ્કૃતિનો સંરક્ષક અને વિશુદ્ધ વૈદિક ધર્મનો માર્ગ દર્શક છે. આર્યસમાજ એ જ્વલંત અને બલિદાન આપનાર એક મહાન સંસ્થા છે. એટલે એ તરફ હિંદુત્વની ધગશવાળા અનેક ભાઈઓ આકર્ષાય એ સ્વાભાવિક છે.

આર્યસમાજના સંસ્થાપક પરમ આદરણીય મહર્ષિ દયાનંદે સૌથી પ્રથમ ગોરક્ષાનો સવાલ ઉપાડયો અને તે માટે તેમણે અનેક યત્નો કર્યા. ગોરક્ષાનું મહત્વ સામાન્ય જન સમાજને સમજાવવા તેમણે 'ગોકરુણાનિધિ' નામનું એક સુંદર પુસ્તક લખ્યું, જેનું ગુજરાતી ભાષાંતર પુનઃ પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે. વિશેષ આનંદ તો એટલા માટે કે આના પ્રકાશનનો ખર્ચ સભાને કલ્યાણવાળા શેઠ શ્રી. રતીલાલ ભગવાનદાસ તથા શેઠ દ્વારકાદાસ ભગવાનદાસ એ બે ભાઈઓએ આપ્યો છે. તેઓનો કલ્યાણમાં ઈમારતી લાકડાનો મોટો વ્યાપાર છે, તે ઉપરાંત બિલ્ડીંગ કોન્ટ્રાકટરનું પણ કામ કરે છે. પોતાના ખંત અને વ્યાપારી કુનેહથી તેમણે પોતાના ધંધામાં કીર્તિ સંપાદન કરી છે અને ધન તથા યશ તેમણે મેળવ્યા છે.

તેઓ માત્ર શ્રીમંત છે, એ માટે નહિં, પણ તે ઉપરાંત તેઓને હિંદુ ધર્મનું પ્રખર અભિમાન છે, અને આર્યસમાજને ખૂબ ચાહવાવાળા છે એ સંતોષની બીના છે. તેઓ વેદ ઉપનિષદ અને ગીતાના ઘણા ભક્ત છે. ગાયોના ઉપર તેમને ભારે પૂજ્ય બુદ્ધિ છે. તેઓ શિવભક્ત હોવા છતાં ધાર્મિક વિષયોમાં ઉદાર મતવાદી છે, અને તે માટેજ તેઓ આર્યસમાજના સાહિત્યનું આ–ગોકરુણાનિધિ–પુસ્તક છપાવવા આકર્ષાય છે. અમારે મન હૃદયની એવી ઉદારતા એક મોટો વિષય છે. ઉપરોક્ત બેઉ બંધુઓના પિતા સ્વ૦ શેઠ ભગવાનદાસ મેઘજી પણ સારા ધાર્મિક સત્પુરૂષ હતા. અને સંસ્કૃત વિદ્યાના અનુરાગી હોઈ પોતે પણ સંસ્કૃત જાણુતા હતા. તેમના મોટાભાઈ શેઠ ગીરધરલાલ મેઘજી (જે હાલમાં જ સ્વર્ગવાસી થયા છે) તેઓ પણ વેદાંત, ગીતા અને ધર્મશાસ્ત્રોના સારા અભ્યાસી હોઇ સંસ્કૃત જાણવાવાળા હતા.

એ રીતિ સંસ્કારવાળા કુટુંબમાં ઉછરેલા આ બેઉ બંધુઓ પણ સારા સંસ્કારી ધર્મ–જિજ્ઞાસુ અને ઉદાર વિચાર અને રહેણી કરણીવાળા હોય એ સ્વાભાવિક છે. વર્તમાન જમાનામાં ધાર્મિક સામાજીક કે રાજકીય ગમે તે ક્ષેત્રમાં આર્યસમાજ અને તેના સંસ્થાપક ઋષિવર દયાનંદનો પડો વાગે છે, ત્યાં શેઠ રતીલાલભાઈ અને શેઠ દ્વારકાદાસભાઈ જેવા તે તરફ આકર્ષાય એ સ્વાભાવિક અને તદ્દન યોગ્ય જ છે. ઋષિ દયાનંદના આ ભક્ત–બંધુ–દ્વય આ પુસ્તક છપાવી પોતાના પ્રિય વિષય ગોરક્ષાના પ્રશ્નને પણ યોગ્ય ન્યાય આપે છે, એ તેમના માટે ખરેખર પ્રશંસનીય છે. પોતાની ધાર્મિક ઉદાર મનોવૃત્તિને જનકલ્યાણના આવા ઉપયોગી કાર્ય તરફ વાળી સ્થાયિ સાહિત્ય પ્રકાશનમાં પોતાનો

ફાળો આપે છે અને એ રીતે ભવિષ્યમાં પણ પોતાની ઉદારતાની સાંકળથી આ સભાને બાંધી રાખશે એમ વિશ્વાસ રાખવો અસ્થાને નથી.

મું. પ્ર. આર્યપ્રતિનિધિ સભા તરફથી એ બેઉ બંધુઓનો આ પુસ્તક પ્રકાશન–સહાય માટે આભાર માનવાની સાથે શ્રી. ગંગારામ શિવરામ રાવળનો પણ મારે ધન્યવાદ માનવો જોઇએ, જેમની દ્વારા ઉપરોક્ત બે ભાઈઓનો પરિચય થયો છે. ઇત્યોમ્.

લી.

મુંબઈ
તા. ૧–૧૨–૪૦

સ્નાતક સત્યવ્રત
સં. મંત્રી, મું. પ્ર. આ. પ્ર. સભા.

વેદની આજ્ઞા

आधावता सुहस्त्यः शुक्राः गृभ्णीत
मन्थिना गोभिः श्रीणीत मत्सरम्

ऋग्वेद. ७-१-३-४

ભાવાર્થ: હે મનુષ્યો, દહીં આદિના મન્થનને માટે તથા માખણ ઘી આદિની પ્રાપ્તિ કરવા માટે અનેક રીતે આરોગ્યને આપનારી ગાયોનું પાલન કરો, અને ગાયના ગુણકારી અને બળ-પ્રદ દૂધ સાથે તૃપ્તિ આપનાર ચોખા આદિ અન્ન પકાવી ભોજન કરો જેથી તમારી અંદર ખૂબ બળ આવશે.

॥ ओ३म् ॥

નમો વિશ્વમ્ભરાય જગદીશ્વરાય

અથ

ગોકરુણાનિધિઃ

इन्द्रो विश्वस्य राजति। शं नो अस्तु
द्विपदे शं चतुष्पदे। य० अ० ३६ मं० ८

ननोतु सर्वेश्वर उत्तमं बलं गवादिरक्षं विविधं दयेरितः
अशेषविघ्नान् विनिहत्य नः प्रभुः सहायतां संविदधातु गोहिते ॥ १

ये गोसुखं सम्यगुशन्ति धीरास्ते धर्मजं सौख्य मथाददन्ते ।
क्रूरा नराः पापरता न यन्ति प्रज्ञाविहीनाः पशुर्हिंसकास्ते ॥ २

ભૂમિકા.

તે ધર્માત્મા અને વિદ્વાન્ લોકો ધન્યવાદને પાત્ર છે કે જેઓ ઈશ્વરના ગુણ, કર્મ, સ્વભાવ, અભિપ્રાય, પ્રત્યક્ષ–આદિ પ્રમાણો અને આપ્ત મહાપુરુષોના આચાર પ્રમાણે ચાલી બધા સંસારને સુખ પહોંચાડે છે. શોક તો એના ઉપર થાય છે કે, જેઓ ઉપર બતાવેલી રીત પ્રમાણે નહીં વર્તી, સ્વાર્થ–પરાયણ બની, દયાહીન થઇ અને જગતમાં હાનિ

કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. પૂજનીય તો તે માણસો છે કે, જેઓ પોતાની હાનિ થાય તોપણ બધાનું હિત કરવામાં પોતાનાં તન, મન, અને ધનનો ઉપયોગ કરે છે. અને તિરસ્કારને પાત્ર તો તે છે કે, જેઓ પોતાના લાભને માટે બીજાનાં સુખોનો નાશ કરી રહ્યા છે.

આ સંસારમાં સુખ અને દુઃખ નથી એવું માનનાર શું કોઈ માણસ છે? શું એવો કોઇ માણસ હયાતી ધરાવે છે કે, જે પોતાનું માથું કપાતી વખતે દુઃખનો અનુભવ ન કરતો હોય? તથા તેની રક્ષા થતી વખતે સુખ ન અનુભવતો હોય? પોતાનાં લાભ અને સુખમાં સર્વ કોઈ પ્રસન્ન રહે છે એ વાત જ્યારે સર્વમાન્ય અને સ્પષ્ટ છે, ત્યારે કોઇ પણ પ્રાણીને વગર અપરાધે મારી નાંખી પોતાનું પોષણ કરવું એ શું સત્પુરુષોની સમક્ષ નિંદનીય કર્મ નથી? સર્વશક્તિમાન્ જગદીશ્વર આ સંસારમાં માણસોનાં હૃદયોમાં પોતાનાં ન્યાય અને દયાનો પ્રકાશ પાડે, કે, જેથી બધા ય દયાળુ અને ન્યાયકારી થઇ જેનાથી સર્વનો ઉપકાર થાય એવાં કામો કરે. માણસો સ્વાર્થ અને પક્ષપાતને વશ થઈ દયાને પાત્ર રહેલી ગાયનો કદી પણ વિનાશ ન કરે. એ પ્રમાણે વર્તવાથી દૂધ આદિ ઉત્તમ પદાર્થો અને ખેતી આદિ ક્રિયાની સફલતા મેળવી બધા માણસો આનંદમાં રહી શકશે. આ ગ્રંથમાં જો કંઈ વધારે પડતું, ઓછું અથવા અયોગ્ય લખાયેલું જણાય તો બુદ્ધિમાન્ માણસોએ આ ગ્રંથના તાત્પર્યને અનુકૂળ કરી લેવું. ધાર્મિક વિદ્વાનો પોતાની સાચી યોગ્યતાથી વક્તાના વચનને અને લેખકના અભિપ્રાયને બરાબર સમજી શકે છે. આ ગ્રંથ એવા

અભિપ્રાયથી લખવામાં આવ્યો છે કે, ગાય આદિ પશુઓને બનતા પ્રયત્ને બચાવી લેવાં, કારણ કે, એના બચાવથી ઘી દૂધ મળી શકશે અને ખેતીની વૃદ્ધિ થશે અને એમ થવાથી માણસોમાં સુખની વૃદ્ધિ થશે. પરમાત્મા દયા કરે કે જેથી આ ઇચ્છા જલદી સફળ થાય. આ ગ્રંથમાં ત્રણ પ્રકરણ છે. (૧) સમીક્ષા. (૨) નિયમ. (૩) અને ઉપનિયમ. એના ઉપર રાજાઓ અને પ્રજા ધ્યાન આપે, પક્ષપાત છોડીને વિચારે અને પછી તેને ઉપયોગમાં લે કે જેથી બંનેને માટે સુખની વૃદ્ધિ થાય.

ઇતિ ભૂમિકા.

અથ સમીક્ષા પ્રકરણ.

ગોકૃષ્યાદિ-રક્ષિણી સભા.

આ સભાનું નામ 'ગોકૃષ્યાદિ-રક્ષિણી' રાખવામાં આવ્યું છે, કારણ કે, ગવાદિ પશુઓ અને કૃષિ-આદિની રક્ષા તથા વૃદ્ધિ કરવાથી બધા પ્રકારનું ઉત્તમ સુખ મનુષ્ય આદિ પ્રાણીઓને મળી શકે છે. એના વગર આગળ જણાવવામાં આવનાર સુખ કદીપણ મળી શકશે નહિ. સર્વશક્તિમાન પરમેશ્વરે આ સંસારમાં જે જે પદાર્થો બનાવ્યા છે તે નકામા નથી, પણ એક એક પદાર્થનાં અનેક જાતનાં પ્રયોજનો છે, માટે જે પદાર્થ જે પ્રયોજનને માટે રચાયો હોય તેનાથી તે પ્રયોજન લેવું તેનું નામ ન્યાય છે અને તેનાથી વિરુદ્ધ પ્રયોજન લેવું તેનું નામ અન્યાય છે. આંખ જે પ્રયોજનને માટે બનાવવામાં આવી છે તે પ્રયોજન તેનાથી લેવું એ બધાને માટે ઉચિત છે, પણ તેનાથી પૂરેપૂરો લાભ ન લેતાં તેને (આંખને) અધવચ્ચે જ નષ્ટ કરી દેવામાં આવે તો તે અયોગ્ય છે. જે જે કામને માટે પરમાત્માએ જે જે પદાર્થો બનાવ્યા છે તેનાથી તે તે કામ સિદ્ધ ન કરતાં તેનો પહેલાંથી જ નાશ કરી નાંખવો એ સત્પુરુષોના મતમાં શું ખરાબ કામ નથી? પક્ષપાતનો ત્યાગ કરી વિચારો તો ખરા કે, ગાય આદિ પશુઓ અને કૃષિ આદિ કર્મોથી સમગ્ર સંસારને વિવિધ સુખો મળે છે કે નહિં? જેમ બે અને બેનો સરવાળો ચાર જ થાય છે તેમ સત્ય વિદ્યાથી જે જે વિષયો જાણવામાં આવે છે તે કોઇ દિવસ પણ અસત્ય હોઇ શકતા નથી.

જો એક ગાય ઓછામાં ઓછું ૨ શેર દૂધ આપે અને બીજી ગાય વીસ શેર આપે તો પ્રત્યેક ગાયના દૂધની રાશ અગ્યાર શેર હોવામાં જરાપણ શંકા ન રહે. આ હિસાબે એક મહિનામાં સવા આઠ મણ દૂધ થાય. એક ગાય ઓછામાં ઓછા છ મહિના અને બીજી ગાય વધારેમાં વધારે અઢાર મહિના સુધી દૂધ આપે છે. આ હિસાબ પ્રમાણે હરેક ગાયની દૂધ આપવાની રાશ બાર માસ થાય છે. એટલા દૂધને ઉકાળી તેમાં એક શેરે અઢી ભારના હિસાબે ચોખા અને એના પ્રમાણે ખાંડ નાંખી જો ખીર બનાવવામાં આવે તો પ્રત્યેક માણસને બશેર દૂધની ખીર પર્યાપ્ત થવાથી એક પ્રસૂતા (દૂઝણી) ગાયના દૂધથી ૧૯૮૦ એક હજાર નવસો એંશી માણસો તૃપ્ત (ધરાય છે.) થાય છે. ગાય ઓછામાં ઓછી ૮ વખત અને વધારેમાં વધારે ૧૮ અઢાર વખત વિયાય છે. એની રાશ તેર આવે છે. આ હિસાબે એક ગાયના જન્મભરના દૂધથી ૨૫૭૪૦ પચ્ચીસ હજાર સાતસો ચાલીસ માણસો એક વખત તૃપ્તિ પામી શકે છે. એક ગાયને એક પેઢીમાં છ વાછડીઓ અને સાત વાછડાઓ થાય અને એમાંથી એક રોગ–આદિના કારણથી મરી જાય તોપણ બાર તો રહ્યાં. એમાં છ વાછડીઓના કેવળ દૂધથી ઉપર બતાવેલા હિસાબ પ્રમાણે ૧,૫૪,૪૪૦ એક લાખ ચોપન હજાર અને ચારસો ચાલીશ માણસોનું પાલન થઇ શકે છે. બાકી રહ્યા છ બળદો, એમાંથી હરેક જોડીથી વરસમાં ૨૦૦ મણ અનાજ ઉત્પન્ન થાય તો ત્રણ જોડીથી ૬૦૦ છસો મણ અનાજ ઉત્પન્ન થઇ શકે છે. આ પ્રમાણે સરેરાશ આઠ વરસ સુધી અન્ન ઉત્પન્ન

થાય તો ૪૮૦૦ અડતાળીસો મણ અનાજ ઉત્પન્ન કરવાની શક્તિ એક જન્મમાં ત્રણે જોડીમાં સિદ્ધ થઇ. હવે એક માણસ પોણોશેર અનાજ એક ટંકે ખાય તોપણ એટલા અન્નથી ૨,૫૬,૦૦૦ બે લાખ છપ્પન હજાર માણસો એક વાર ધરાઈને ખાઇ શકે છે. દૂધથી અને અન્નથી તૃપ્ત થનાર માણસોનો સરવાળો કરીએ તો ૪,૧૦,૪૪૦ ચાર લાખ દસ હજાર અને ચારસો ચાલીશ માણસો થાય. આટલા માણસોનું પાલન એક વખતમાં થઇ શકે છે. હવે છ ગાયોની પેઢી દર પેઢીનો હિસાબ કરી તપાસવામાં આવે તો અસંખ્ય માણસોનું પાલન થઈ શકે છે એમ સ્પષ્ટ સમજાશે.

હવે એના માંસ તરફ દૃષ્ટિ નાંખી વિચાર કરો તો વધારેમાં વધારે આશરે એંશી માણસ એકજ વાર તૃપ્ત થઈ શકે છે. જરા વિચાર તો કરો, તુચ્છ લાભને ખાતર લાખો પ્રાણીઓને મારી નાંખી અસંખ્ય માણસોની હાનિ કરવી એમાં શું મહાપાપ નથી સમાયું?

જો કે ગાય કરતાં ભેંસ વધારે દૂધ આપે છે અને બળદો કરતાં પાડાઓ કંઇક ઓછો લાભ આપે છે. તોપણ ગાયના દૂધથી જેટલો લાભ પહોંચે છે તેટલો ભેંસના દૂધથી લાભ પહોંચતો નથી અને એ પણ ઠીક છે કે બળદો જેટલા પાડાઓ ઉપયોગી નથી. ગાયના દૂધમાં જેટલા બુદ્ધિ વર્ધક ગુણો છે તેટલા ભેંસના દૂધમાં નથી. ગાયના દૂધ જેટલું ભેંસનું દૂધ આરોગ્ય-પ્રદ પણ નથી. માટે જ આર્યોએ ગાયને સર્વોત્તમ માની છે

ગાય અને ભેંસ કરતાં ઊંટણી વધારે દૂધ આપે છે તોપણ એ દૂધ ગાયના દૂધ જેટલું ગુણવાળું નથી. ઊંટ અને ઊંટણીનો વધારે ઉપયોગ બોજાને જલદીથી એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા માટે કરવામાં આવે છે.

હવે બકરી પણ કમમાં કમ એક અને વધારેમાં વધારે પાંચશેર દૂધ આપે છે. એટલે એના દૂધની રાશ પ્રત્યેક બકરી દીઠ ૩ ત્રણ શેરની થાય છે.

એક બકરી કમમાં કમ ત્રણ મહિના અને વધારેમાં વધારે પાંચ મહિના દૂધ આપે છે. એટલે પ્રત્યેક બકરી દીઠ ૪ ચાર માસની રાશ થાય છે. એક બકરી એક મહિને ૨॥ સવા બેમણ દૂધ આપે તો ચાર મહિનામાં ૯ નવ મણ દૂધ થયું. ઉપર બતાવ્યા પ્રમાણે એ દૂધથી ૧૮૦ એક સો એંશી માણસોની તૃપ્તિ એક વખતમાં થઈ શકે.

એક બકરી એક વરસમાં બે વખત વિયાય છે. એ હિસાબ પ્રમાણે એક બકરીના દૂધથી ૩૬૦ માણસોની તૃપ્તિ એક વાર થાય છે. કોઇ બકરી કમમાં કમ ચાર વરસ સુધી અને કોઇ બકરી વધારેમાં વધારે ૮ આઠ વરસ સુધી વિયાય છે. એની રાશ ૬ છ થઇ, તો જન્મભરના દૂધથી ૨૧૬૦ બે હજાર એકસો સાઠ માણસોનું પાલન એક વારના ભોજનથી થઈ શકે છે. હવે એનાં બચ્ચાંઓની રાશ ૨૪ ચોવીસ થાય છે. કારણ કે, કોઈ બકરી કમમાં કમ એક અને વધારેમાં વધારે ત્રણ બચ્ચાંને એકી વખતે જન્મ આપે છે. ઉક્ત ૨૪ ની રાશમાંથી બેનું મૃત્યુ થાય

તોપણ ૨૨ બાવીસ રહ્યાં, એમાં બાર બકરી હોય તો તેના દૂધથી ૨૫૯૨૦ પચ્ચીસ હજાર નવસો વીસ માણસોનું દરરોજ પાલન થઈ શકે છે. આ પ્રમાણે એની પેઢી દર પેઢીનો હિસાબ કરો તો સ્પષ્ટ જણાશે કે એનાથી પણ અસંખ્ય માણસોનું પોષણ થઈ શકે છે. બકરાઓ પણ વજન ઉઠાવવાના ઉપયોગમાં આવે છે.

બકરા અને બકરીની તથા ઘેટાં અને ઘેટીની ઊનથી વસ્ત્રો બને છે તેનાથી માણસોને પુષ્કળ સુખ મળે છે. જો કે ઘેટી બકરી કરતાં કંઈક ઓછું દૂધ આપે છે. તોપણ બકરીના દૂધ કરતાં ઘેટીના દૂધ માં ઘીનું પ્રમાણ વધારે હોય છે અને તેથી તે વધારે પુષ્ટિકારક પણ છે.

આજ પ્રમાણે બીજાં દૂધ દેનારાં પશુઓના દૂધથી અનેક જાતનું સુખ થાય છે. જેમ ઊંટ અને ઊંટણીથી લાભ થાય છે, તેમ ઘોડા અને ઘોડીઓ તથા હાથી આદિ પશુઓથી માણસ જાતને પુષ્કળ લાભ થાય છે. મરઘાં અને મોર આદિ પંખીઓથી પણ અનેક જાતના ઉપકાર થાય છે.

જો કોઈ માણસ હરણ અને સિંહ આદિ પશુઓથી તથા મોર આદિ પંખીઓથી લાભ લેવા ઇચ્છે તો લઈ શકે છે. એ બધાનું પાલન ઉત્તરોત્તર સમયાનુકૂળ થઈ શકશે પણ હાલના સમયમાં તો ગાયની રક્ષામાં મુખ્ય તાત્પર્ય છે.

માણસોની પ્રાણરક્ષા, જીવન, સુખ, વિદ્યા, બળ અને પુરુષાર્થ આદિની વૃદ્ધિ બે પ્રકારથી થઈ શકે છે:–(૧)

અન્નપાન (૨) આચ્છાદન (ઓઢવું પહેરવું) આમાં જો પહેલું ન હોય તો મનુષ્ય આદિ પ્રાણીઓનો સર્વથા વિનાશ થાય છે અને બીજા સાધન વગર અનેક જાતની પીડા થાય છે.

જુઓ, પશુઓ નિઃસાર ઘાસ અને પાંદડાં તથા ફળ ખાય છે અને સારરૂપ દૂધ આદિ અમૃત આપે છે. હળમાં અને ગાડીમાં જોડાઇ તેઓ અનેક જાતનાં અન્ન પેદા કરે છે અને તે દ્વારા બુદ્ધિ અને બળ આપવામાં ઉપયોગી થઇ આરોગ્ય ફેલાવે છે. સંતાનો અને મિત્રોની માફક માણસો સાથે પ્રેમ અને વિશ્વાસ કરે છે. એને તમે જ્યાં બાંધો ત્યાં બંધાઇ રહે છે. જ્યાં ચલાવો ત્યાં ચાલે છે. જ્યાંથી હટાવો ત્યાંથી હટી જાય છે. એની ઉપર નજર પડવાથી અને એને બોલાવવાથી એ બાપડાં નજીક આવે છે. જ્યારે એ કોઇ વ્યાઘ્ર આદિ હિંસક પશુ અથવા કોઇ મારનારને જુએ છે ત્યારે પોતાની રક્ષાને માટે તે પાલકની પાસે દોડતાં આવે છે તે એવી આશાએ કે, અમારો પાલક અમારી રક્ષા કરશે.

મર્યા પછી પણ જેનાં ચામડાં કાંટા આદિથી રક્ષણ કરે છે, જંગલમાં ચરી આવી પોતાનાં બચ્ચાં અને પાલકને માટે દૂધ આપવા નક્કી કરેલા સ્થાન ઉપર નિયત સમયે પહોંચી જાય છે, પોતાના પાલકની રક્ષા માટે પોતાનાં તન અને મન લગાવે છે. એની પાસે જે કંઈ છે તે બધું રાજા અને પ્રજાના સુખને માટે છે. આવા શુભગુણવાળા અને સુખદાયક પશુઓનાં ગળાં છરાઓથી કાપી જેઓ પોતાનાં પેટ ભરે છે અને સંસારને હાનિ પહોંચાડે છે. શું તેઓ વધારે વિશ્વાસઘાતક, અપકારી, દુઃખ આપનાર

અને પાપી નથી? આજ કારણથી યજુર્વેદના પહેલા જ મંત્રમાં પરમાત્માની આજ્ઞા છે કે 'अघ्न्या' 'यजमानस्य पशून् पाहि' હે માણસ, એ પશુઓનો કદી પણ તું વધ કરીશ નહિ. યજમાન એટલે બધાને સુખ આપનાર માણસોનાં પશુઓનું રક્ષણ કર, જેથી તારૂં પણ પૂરેપૂરૂં રક્ષણ થાય.

બ્રહ્માથી લઈ આજ સુધીના આર્ય લોકો પશુઓની હિંસામાં પાપ અને અધર્મ સમજતા હતા અને હજી પણ સમજે છે. એનું (પશુઓનું) રક્ષણ થવાથી અન્ન પણ મોંઘું થતું નથી, કારણ કે ગરીબ માણસોને ખાવા પીવામાં દૂધ આદિ સારા પ્રમાણમાં મળવાથી એનાથી (ગરીબ માણસોથી) ઓછું અન્ન ખવાય છે. અન્ન થોડું મળવાથી મળ પણ ઓછો થાય છે, મળ ઓછો થવાથી દુર્ગન્ધ પણ ઓછી થાય છે અને દુર્ગન્ધ ઓછી થવાથી વાયુ અને વૃષ્ટિજળની વધારે વિશુદ્ધિ થાય છે. આ કારણને લીધે રોગો ઓછા થાય છે અને આરોગ્ય વધે છે.

ગાય આદિ પશુઓના વિનાશથી રાજા અને પ્રજાનો પણ નાશ થાય છે કારણ કે, પશુઓ ઓછાં થવાથી દૂધ આદિ પદાર્થો અને ખેતી આદિ કાર્યો ઓછાં થાય છે. જેટલાં દૂધ, ઘી આદિ પદાર્થો તથા બળદ આદિ પશુએ આજથી (૭૦૦) સાતસો વરસ પહેલાં જેટલી કિંમતે મળતાં હતાં આજ તેથી દશગણી કિંમત આપવા છતાં પણ મળી શકતાં નથી, કારણ કે આ ગત સાતસો વરસ દરમિયાન આ દેશમાં ગવાદિ પશુઓને મારનારા અને માંસ ખાનારા વિદેશીય

માણુસો બહુ સંખ્યામાં આવીને વસ્યા છે. એ લોકો આ સર્વોપકારી પશુઓનાં માંસ અને હાડકાં પણુ છોડતા નથી. **नष्टे मूले नैव पत्रं न पुष्पम्** કારણુનો નાશ કર્યા પછી કાર્યનો નાશ કેમ ન થાય?

હે માંસભક્ષકો, તમને જ્યારે થોડા સમય પછી પશુઓ નહીં મળે ત્યારે માણુસોના માંસને પણુ છોડશો કે નહિ? હે પ્રભુ તું એ નિરપરાધી પશુઓ ઉપર કેમ દયા નથી કરતો? શું અના ઉપર ત્હારી પ્રીતિ નથી? શું એને માટે ત્હારી ન્યાયસભા બંધ થઇ ગઇ છે? એની પીડા દૂર કરવા માટે પ્રભુ, તમે કેમ ધ્યાન નથી આપતા? એમની ધાપોકાર તમે કેમ સાંભળતા નથી? ઓ પ્રભુ, આ માંસ ભક્ષકોના આત્મામાં તારી દયાનો પ્રકાશ પાડી એમના ક્રૂરતા, કઠોરતા, સ્વાર્થીપણું અને મૂર્ખતા આદિ દોષો દૂર કેમ નથી કરતો? હે પ્રભુ, તું એના ઉક્ત દોષો દૂર કર. એટલે એ લોકો આવાં ખરાબ કામો કરતાં અટકે.

અથ સમીક્ષામાં હિંસક અને રક્ષકનો સંવાદ.

હવે સમીક્ષા પ્રકરણમાં હિંસક અને રક્ષકનો સંવાદ લખવામાં આવે છે.

હિંસક–ઈશ્વરે પશુ આદિની બધી સૃષ્ટિ માણસને માટે બનાવી છે અને મનુષ્યની સૃષ્ટિ પોતાની ભક્તિ માટે કરી છે. આ કારણથી માંસ ખાવામાં કોઈ પણ દોષ નથી.

રક્ષક–ભાઈ, સાંભળો. તમારા શરીરની રચના જે પરમાત્માએ કરી છે તેજ પરમાત્માએ પશુ આદિના શરીરની રચના નથી કરી ? જો તમે કહો કે પશુ આદિ અમારા ભોજન માટે બનાવ્યાં છે, તો અમે પણ કહી શકીએ કે, હિંસક પશુઓ માટે તમને બનાવ્યા છે. જેમ તમારૂં મન એના માંસ ખાવા તરફ લલચાય છે તેમ સિંહ અને ગીધ આદિનાં મન પણ તમારાં માંસ ખાવા તરફ લલચાય છે, તો એના માટે તમે કેમ નહિ ?

હિંસક–જુઓ, ઈશ્વરે માણસોના દાંત કેવા તીક્ષ્ણ અણીદાર બનાવ્યા છે. એ દાંતો માંસાહારી પશુઓના જેવા બનાવ્યા છે, એથી અમે માનીએ છીએ કે માણસોએ માંસ ખાવું યોગ્ય છે.

રક્ષક–જો વાઘ આદિ પશુઓના દાંતનું દૃષ્ટાંત આપી તમે પોતાના પક્ષનું સમર્થન કરવા મથો છો તો શું

તમે પણ તેના જેવા જ છો? તમારી જાતિ મનુષ્યત્વ છે અને એની જાતિ પશુત્વ છે. તમારે બે પગ છે એને ચાર પગ છે. તમે વિદ્યા ભણી સત્ય અને અસત્યનો નિર્ણય કરી શકો છો પણ એ તેમ કરી શકતાં નથી. વળી તમે જે દૃષ્ટાંત આપો છો તે ઠીક પણ નથી. જો દાંતનું જ લેવું હોય તો વાનરના દાંતનું દૃષ્ટાંત શા માટે ન લેવું? વાનરના દાંત સિંહ અને બિલાડીના દાંત જેવા છે પણ તે માંસ ખાતા નથી. માણસ અને વાનરની આકૃતિ પણ વધારે મળતી આવે છે. જેમ માણસને હાથ પગ અને નખ આદિ હોય છે તેમ વાનરને પણ છે. આ દૃષ્ટાંતથી પરમેશ્વરે માણસોને ઉપદેશ આપ્યો છે કે જેમ વાનર કોઇ દિવસ માંસ નથી ખાતા અને ફળફુલ ખાઈ પોતાનો નિર્વાહ કરે છે તેમ માણસોએ પણ કોઇ દિવસ માંસ ખાવું ન જોઈએ અને ફળ આદિથી પોતાનો નિર્વાહ કરવો જોઈએ. વાનરોનું દૃષ્ટાંત માણસોને સાંગોપાંગ રીતે જેવું લાગુ પડે છે એવું કોઈ બીજું દૃષ્ટાંત લાગુ પડતું નથી. માટે માણસોએ માંસ ખાવું છોડી દેવું એ સર્વથા યોગ્ય છે.

હિંસક--માંસાહારી પશુઓ અને માણસો બળવાન હોય છે અને માંસ નહિ ખાનારા નિર્બળ હોય છે માટે માંસ ખાવું જોઇએ.

રક્ષક--તમે અલ્પ બુદ્ધિની વાતો ઉપર વિશ્વાસ રાખી જરા પણ વિચાર કરતા નથી. જુઓ, સિંહ માંસ ખાય છે પણ જંગલી ડુક્કર અને પાડાઓ કદી પણ

માંસ ખાતા નથી. જો સિંહ કોઇ મનુષ્યના ટોળામાં પડે તો તે એક બે માણસને મારી નાંખે છે અને પછી પોતે બંદુકની ગોળીથી અથવા તલવારના પ્રહારોથી મરણ પામે છે પણ જ્યારે જંગલી ડુક્કર અથવા જંગલી પાડો માનવ સમુદાયમાં આવી પડે છે ત્યારે તો ઘણાય માણસોને મારી નાંખે છે અને પોતે બંધુકની ગોળીઓથી તથા તલવારના પ્રહારોથી પણ જલદી મરતો નથી. સિંહ પણ એને જોઇ છાનોમાનો ભાગી જાય છે અને પોતે સિંહથી પણ ડરતો નથી. જો પ્રત્યક્ષ દૃષ્ટાંત જોવું હોય તો એક માંસાહારી અને બીજા દૂધ, ઘી અને અન્ન ખાઇને મસ્ત બનેલા મથુરાના કોઇ ચોબાનું બાહુ યુદ્ધ થવા દો. એ બાહુયુદ્ધમાં મથુરાનો ચોબો માંસાહારીને પછાડી તેની છાતી ઉપર ચઢી બેસશે. આ દૃષ્ટાંતથી જણાશે કે કયા કયા પદાર્થો ખાવાથી બળ વધે છે અને કયા ખાવાથી બળ ઘટે છે. તમે જરાક તો વિચાર કરો કે છોતરાં ખાવાથી બળ વધે કે સારભૂત રસ ખાવાથી? માંસ તો છોતરાં સમાન છે અને દૂધ, ઘી, રસ તો સારભૂત રસ તુલ્ય છે. એને જો યુક્તિ પૂર્વક ખાવાના ઉપયોગમાં લેવામાં આવે તો તે માંસ કરતાં વધારે ગુણવાળા અને બળ આપનાર સિદ્ધ થશે. આ ઉપરથી એમ કેમ ન માની શકાય કે, માંસ ખાવું એ વ્યર્થ, હાનિકારક, અન્યાય, અધર્મ અને દુષ્ટ કર્મ છે.

હિંસક–જે દેશમાં માંસ સિવાય બીજું કશું મળતું જ ન હોય ત્યાં અથવા આપત્કાળમાં અથવા રોગ મટાડવા માટે માંસ ખાવામાં કશો દોષ નથી.

રક્ષક–એ આપનું કહેવું નકામું છે, કારણ કે જ્યાં માણસ રહેતાં હોય ત્યાં પૃથ્વી જરૂર હોય છે. જ્યાં પૃથ્વી હોય ત્યાં ખેતી અથવા ફુલ ફળ આદિ પણ થાય છે અને જ્યાં કશું પાકતું નથી ત્યાં માણસો પણ રહી શકતાં નથી. જ્યાં ઉષર ભૂમિ હોય છે ત્યાં મીઠું પાણી અને ફળાહાર આદિ ન મળવાથી માણસોનું રહેવું સંભવિત નથી.

આપત્કાળમાં પણ બીજા ઉપાયોથી નિર્વાહ કરી શકાય છે અને માંસ ન ખાનારા તેમ કરે પણ છે. માંસ ખાધા વગર કેવળ ઔષધીઓના સેવનથી રોગનું નિવારણ થઇ શકે છે માટે માંસ ખાવું એ સારૂં નથી.

હિંસક–જો કોઇ માંસ ન ખાય તો પશુઓની સંખ્યા એટલી બધી વધી જાય કે તેનો પૃથ્વી ઉપર સમાવેશ પણ થઇ શકે નહિ. વળી પરમેશ્વરે એનું ઉત્પાદન પણ વિશેષ પ્રમાણમાં કર્યું છે તો માંસ શા માટે ન ખાવું?

રક્ષક–વાહ, વાહ, આ બુદ્ધિભ્રમ આપને માંસ ખાવાથી જ થયો હશે. જુઓ, માણસનું માંસ કોઈ ખાતું નથી તો માણસો એટલી સંખ્યામાં કેમ ન વધી પડયાં? પશુઓની અધિક પેદાશ તો એટલા માટે છે કે એક માણસના પાલન વ્યવહારમાં અનેક પશુઓની જરૂર પડે છે. આટલા માટે ઇશ્વરે એને વધારે ઉત્પન્ન કર્યાં છે.

હિંસક–જેટલા ઉત્તર આપવામાં આવ્યા છે એ બધા વ્યવહાર સંબંધી છે, પણ પશુઓને મારીને ખાવામાં અધર્મ તો નથી. અને જો અધર્મ થતો હોય તો તમને થાય છે કારણ કે, તમારા મતમાં માંસ ખાવાનો નિષેધ છે, માટે તમે ન ખાવ, પણ, અમે તો ખાઈશું કારણ કે અમારા મતમાં માંસ ખાવું એ અધર્મ નથી.

રક્ષક–હું તમને પૂછુંછું કે ધર્મ અને અધર્મ વ્યવહારમાં જ હોય છે કે કોઈ બીજે ઠેકાણે? વ્યવહાર સિવાય ધર્મ અને અધર્મનું સ્થાન તમે કોઇ પણ દિવસ સિદ્ધ કરી શકશો નહિ. જે વ્યવહારથી બીજાને હાનિ થાય તે અધર્મ અને જે વ્યવહારથી ઉપકાર થાય તે ધર્મ. લાભકારી પશુઓનો નાશ કરી લાખો માણસના સુખની હાનિ કરવી એ અધર્મ અને એની રક્ષા કરી લાખો માણસોને સુખ પહોંચાડવું એ ધર્મ છે એમ તમે કેમ માનતા નથી? ચોરી અને જારકર્મ આદિ કામો એટલા માટે અધર્મ કહેવાય છે કે એનાથી બીજાઓની હાનિ થાય છે. બાકી તો ધનના સ્વામીને ધનથી જે પ્રયોજન સિદ્ધ થાય છે તેજ પ્રયોજન ચોરને ચોરીના ધનથી થાય છે. માટે જે કાર્ય જગતમાં હાનિકારક છે તે અધર્મ અને જે પરોપકાર છે તેજ ધર્મ કહેવાય છે. જો એક માણસની હાનિ થવાથી ચોરી આદિ કામને તમે પાપ માનો છો તો ગવાદિ પશુઓને મારવાથી ઘણા માણસોને હાનિ થાય છે તો તેને (ગવાદિની હિંસાને) મહાપાપ કેમ નથી

માનતા? માંસાહારી માણસોમાં દયા આદિ ઉત્તમ ગુણો હોતા નથી. તે તો સ્વાર્થને આધીન બની, બીજાને હાનિ કરી પોતાનું પ્રયોજન સિદ્ધ કરવામાં જ સદા મંડયા રહે છે. જ્યારે માંસાહારી કોઈ પુષ્ટ પશુને જુએ છે ત્યારે તેને ઇચ્છા થાય છે કે આમાં માંસ ઘણું છે એને મારીને ખાઉં તો કેવું સારૂં! પણ જ્યારે માંસને નહિ ખાનારો માણસ એવા પશુને જ્યારે જુએ છે ત્યારે તે પ્રસન્ન થાય છે કે આ પશુ કેવું આનંદમાં છે. જેવી રીતે સિંહાદિ માંસાહારી પશુ કોઇનો ઉપકાર તો કરતાં જ નથી પણ પોતાના સ્વાર્થને માટે બીજાના પ્રાણ લે છે અને માંસ ખાઈ પ્રસન્ન થાય છે તેવા જ માંસાહારી માણસો પણ હોય છે, માટે માંસનું ખાવુ એ કોઇ પણ માણસ માટે ઊચિત નથી.

હિંસક–ઠીક, જો ધર્મની એજ વ્યાખ્યા હોય તો પશુ જ્યાં સુધી કામમાં આવે ત્યાં સુધી તેનું માંસ ન ખાવું પણ જ્યારે તે ઘરડું થઈ જાય અથવા મરી જાય ત્યારે તેને ખાવામાં કોઇ પણ દોષ નથી.

રક્ષક–ઉપકાર કરનારાં માતા પિતા આદિને ઘડપણમાં મારવામાં અને એનું માંસ ખાવામાં જેવો દોષ છે તેવો જ દોષ ઘરડાં પશુઓની સેવા ન કરવામાં અને એનું માંસ ખાવામાં છે. મરેલા ઢોરનું માંસ ખાનારનો સ્વભાવ માંસાહારી થઇ જવાથી તે જરૂર હિંસક થશે અને તે હિંસા રૂપી પાપથી કદી પણ બચી શકશે નહિ, માટે કોઈ પણ અવસ્થામાં માંસ ન ખાવું જોઇએ.

હિંસક—જે પશુઓ અને પંખીઓ જંગલી છે અને જેનાથી કોઇનો ઉપકાર નથી થતો પણ હાનિ તો થાય છે એવાં પશુ પંખીઓનું માંસ ખાવું જોઇએ કે નહિ?

રક્ષક—નહીં ખાવું જોઇએ, કારણ કે, તે પણ ઉપકારક કોટિમાં આવી શકે છે. ૧૦૦ ભંગીઓ જેટલી શુદ્ધિ કરે છે તેના કરતાં વધારે ડુક્કર અને મરઘાં કરે છે. મોર આદિ પંખીઓ પણ સાપ આદિ પ્રાણીઓની નિવૃત્તિ કરીને પવિત્રતા ફેલાવે છે અને ઉપકાર કરે છે. (માણસનાં ખાનપાન કોઇ બીજા ખાઈ પી જાય અને તેથી જેમ માણસ જાત ઉપર અનુપકાર થાય છે તેમ જંગલી માંસાહારીઓનું અન્ન જંગલી પશુ અને પંખીઓ છે.) જો કોઇ વિદ્યા અને વિચારથી સિંહ આદિ જંગલી પશુ અને પંખીઓથી ઉપકાર લે તો અનેક પ્રકારનો લાભ તેનાથી પણ થઇ શકે છે. માટે માંસાહારનો બધી જ રીતે નિષેધ હોવો જોઇએ. જેનું દૂધ ખાવા પીવામાં આવે છે તે માતા પિતા સમાન કેમ ન હોઇ શકે? ઇશ્વરીય સૃષ્ટિથી જાણી શકાય છે કે માણસ કરતાં પશુ પક્ષીઓ વધારે હોય એમાં જ કલ્યાણ છે, કારણ કે, મનુષ્યોના ખાવા પીવાના પદાર્થો કરતાં પશુઓના ખાવા પીવાના પદાર્થો ઘાસ, વૃક્ષ, ફળ, ફુલ આદિ વધારે પ્રમાણમાં રચ્યાં છે, અને તે વગર વાવ્યે અને વગર ખેડે તથા વગર પાણી પાયે ઉત્પન્ન થાય છે અને ત્યાં વૃષ્ટિ પણ થાય છે. આ કારણથી સમજી લ્યો કે ઈશ્વરનો અભિપ્રાય એને મારવામાં નહિ પણ રક્ષવામાં છે.

હિંસક—જે માણસ પશુઓને મારીને ખાય છે એને પાપ લાગે છે, પણ જે લોકો માંસ વેચાતું લઈને ખાય છે એને પાપ લાગતું નથી તથા ભૈરવ, ચામુંડા, દુર્ગા, અને જખૈયાને વામ માર્ગ અથવા યજ્ઞ યાગાદિની પદ્ધતિથી ધર્યા પછી ખાય તો તેમાં પાપ ન હોવું જોઇએ કારણ કે તે લોકો વિધિથી ખાય છે.

રક્ષક—જો કોઇ માંસ ન ખાય, કોઇ મારવાનો ઉપદેશ પણ ન આપે અને કોઇ પોતાની સંમતિ પણ માંસ ખાવામાં ન આપે તો પશુ આદિ કોઇ દિવસ મારવામાં આવે નહિ. જો વ્યવહારમાં માંસ સંબંધી બહેકાવટ, લાભ, અને વિક્રય ન હોય તો પ્રાણીઓનું મારવું બંધજ થઇ જાય આ બાબતમાં પ્રમાણ છે કે:

अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी
संस्कर्ता चोपहर्ता च खादक श्चेति घातकाः

અર્થઃ—મારવાની સલાહ આપનાર, માંસને કાપનાર, પશુ આદિને મારનાર, માંસનો ક્રય અને વિક્રય કરનાર, માંસને રાંધનાર, પીરસનાર અને ખાનાર એ આઠેય જણ ઘાતક કહેવાય છે અને તેથી એ બધાય પાપી છે. ભૈરવ આદિને માટે પણ હિંસા કરવી અથવા કરાવવી એ પણ મહાપાપ કર્મ છે. આટલા માટે દયાળુ પરમેશ્વરે વેદોમાં માંસ ખાવાની અને પશુ મારવાની આજ્ઞા નથી આપી.

દારૂ પીવો એ પણ માંસ ખાવાનું કારણ છે માટે એનો પણ અહીં સંક્ષેપથી ઉલ્લેખ કરવામાં આવે છે.

પ્રમત્ત–કહોજી માંસ તો છૂટયું તે છૂટયું પણ દારૂ પીવામાં તો કોઈ દોષ નથી ને?

શાંત–માંસ ખાવામાં જેવો દોષ છે. તેવો જ દોષ દારૂ પીવામાં પણ છે. માણુસને દારૂ પીવાથી નીશો ચઢે છે અને નીશાને લીધે બુદ્ધિ નાશ પામે છે. અને તેથી કર્તવ્યને છોડી અકર્તવ્ય કરી બેસે છે. ન્યાયના સ્થાનમાં અન્યાય અને અન્યાયના સ્થાનમાં ન્યાય રૂપ વિપરીત કર્મ કરી બેસે છે. દારૂની ઉત્પત્તિ પણ વિકૃતિ પામેલા પદાર્થમાંથી થાય છે. દારૂ પીનારો વિદ્યાદિ સારા ગુણોથી રહિત થઇ જાય છે દોષોમાં ફસાઇ જઇ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ફળોથી વંચિત બને છે. પશુની માફક આહાર, નિદ્રા, ભય અને મૈથુન આદિ કર્મમાં જ પ્રવૃત્ત રહી માનવ જન્મને વ્યર્થ કરી મૂકે છે માટે દારૂ આદિ મદકારક દ્રવ્યોનું સેવન પણ ન કરવું જોઇએ.

જેવો દારૂ મદકારક છે તેવા જ ભાંગ આદિ પદાર્થો પણ મદકારક છે, માટે એનું પણ સેવન કદી કરવું નહિ. કારણ કે એ પણ બુદ્ધિનો નાશ કરી માણસને પ્રમદ, આળસ અને હિંસા આદિમાં પ્રવૃત્ત કરી દે છે. માટે દારૂના પીણા પેઠે ભાંગ આદિનું પીણું પણ નિષિદ્ધ જ છે.

હે ધાર્મિક અને સજ્જન માણસો, તમે પશુઓની રક્ષા તન, મન અને ધનને લગાવી શામાટે નથી કરતા? હાય!! આ કેટલા બધા શોકની બાબત છે કે, જ્યારે ઘાતકી માણસો ગાય અને બકરાં આદિ પશુઓ તથા મોર આદિ પંખીઓને મારવા માટે લઈ જવામાં આવે છે ત્યારે એ બિચારાં અનાથ તમને અને અમને જોઇને રાજા અને પ્રજા ઉપર ઘણો શોક પ્રકટ કરે છે અને તે પોતાની મૂક વાણીમાં કહે છે કે જુઓ, અમને વગર અપરાધે આ લોકો ખરાબ રીતે મારી નાંખે છે અને અમે તો અમારી રક્ષા કરનારને અને અમને મારી નાંખનારને પણ દૂધ આદિ અમૃત પદાર્થો આપવા માટે તૈયાર છીએ. અમને મારી નાંખે એવું અમે નથી ઇચ્છતા. જુઓ તો ખરા, અમારૂં બધું પરોપકાર માટેજ છે, તેથી અમે પોકારી પોકારીને કહીએ છીએ કે તમે અમને બચાવો. અમે તમારી ભાષામાં અમારૂં દુઃખ સમજાવી શકતાં નથી. તમે લોકો અમારી ભાષા નથી સમજતા, નહીં તો અમારામાંથી કોઇને પણ મારનારને અમે પણ તમારી માફક ન્યાય વ્યવસ્થા પ્રમાણે ફાંસીએ ન ચડાવી દેત. અમે આ વખતે ઘણા જ સંકટમાં છીએ કારણ કે, અમને બચાવવા માટે કોઈપણ તૈયાર થતું નથી અને જો કોઈ તૈયાર થાય છે તો તેનો માંસાહારી લોક દ્વેષ કરે છે. ભલે તે સ્વાર્થને માટે દ્વેષ કરતા હોય તો કરે, કારણ કે, **स्वार्थी दोषं न पश्यति** જે સ્વાર્થ સાધવામાં તત્પર હોય છે તે પોતાના દોષો ઉપર ધ્યાન આપતા નથી. તેઓ તો એમજ ઇચ્છે છે કે બીજાને હાનિ થાય તો ભલે થાય પણ અમને સુખ મળો જ. પરંતુ જે ઉપકારી છે

તેને બચાવવા માટે ઉપકાર કરવો જોઇએ. જેમકે:–આર્ય લોકો સૃષ્ટિના આરંભથી લઇ આજસુધી વેદોક્ત રીતથી પ્રશંસનીય કર્મ કરતા આવ્યા છે તેવી જ રીતે સંસારના બધા માણસોએ કરવું યોગ્ય છે.

આર્યાવર્ત દેશના નિવાસી આર્યલોકોને ધન્યવાદ છે કે, જેમણે ઇશ્વરીય સૃષ્ટિના નિયમ પ્રમાણે પરોપકારમાં જ પોતાનાં તન, મન અને ધન લગાવ્યાં છે અને લગાવે છે. આર્યાવર્તીય રાજા, મહારાજા, પ્રધાન અને ધનાઢ્ય માણસો અર્ધી પૃથ્વીમાં જંગલો રાખતા હતા કે જેથી પશુ અને પંખીઓની રક્ષા થાય તથા ઔષધિના સારરૂપ દૂધ આદિ પવિત્ર પદાર્થો ઉત્પન્ન થાય કે જેના સેવનથી આરોગ્ય, બુદ્ધિ, બળ અને પરાક્રમ આદિ સદ્‌ગુણો વૃદ્ધિ પામે. પશુ અને પંખીઓ વધારે થવાથી ખાતર પણ વધારે થાય છે.

પણ આ સમયમાં તો માણસો ઉલટો જ વ્યવહાર કરે છે. જંગલોને કપાવી નાંખવાં, પશુઓને મારી નાંખવા અને મરાવી નાંખવા, વિષ્ઠા આદિનું ખાતર ખેતરમાં નંખાવી રોગોની વૃદ્ધિ કરી સંસારનું અહિત કરવું, પોતાનું પ્રયોજન સાધવું અને બીજાના પ્રયોજન ઉપર ધ્યાન ન આપવું આ બધાં ઉલટાં કામો છે.

विषादप्यमृतं ग्राह्यम् સત્પુરુષોનો એ સિદ્ધાંત હોય છે કે વિષમાંથી પણ અમૃત લેવું. આ પ્રમાણે ગાય આદિના વિષસમાન મહા રોગકારી માંસને છોડી દઇ તેનાથી ઉત્પન્ન થતું દૂધ આદિ રોગનાશક અમૃત લેવું જોઇએ, અને તેને માટે એની રક્ષા કરી વિષત્યાગી અને અમૃતભોજી બધાયે

થવું જોઇએ. સાંભળો, ભાઈઓ, તમારાં તન, મન અને ધન જો ગાય આદિની રક્ષા રૂપ પરોપકારમાં ન લાગે તો તે શા કામનાં છે? પરમાત્માના સ્વભાવ તરફ ધ્યાન આપો કે જેમણે આખું વિશ્વ તથા બધા પદાર્થો પરોપકારને માટે જ બનાવી રાખ્યા છે. તેજ પ્રમાણે તમે પણ તમારાં પોતાનાં તન, મન અને ધનનો પરોપકારમાં ઉપયોગ કરો.

ઘણા આશ્ચર્યની વાત છે કે પશુઓને પીડા ન થવા માટે—ન્યાય પુસ્તકમાં વ્યવસ્થા પણ લખી છે કે જે પશુ દુર્બળ અને રોગી હોય એને કષ્ટ આપવું નહિ અને એ જેટલો ભાર સુખ પૂર્વક ઉપાડી શકે તેટલો જ એના ઉપર લાદવો.

શ્રીમતી રાજરાજેશ્વરી શ્રી. વિક્ટોરિયા મહારાણીના વિજ્ઞાપના પણ પ્રસિદ્ધ છે કે અવ્યક્તવાણીવાળાં પશુઓને જે જે કષ્ટ આપવામાં આવે છે તે ન આપવાં. પશુઓને મારી નાંખવાં એના કરતાં વધારે બીજું કયું દુઃખ હોઇ શકે? શું ફાંસી કરતાં વધારે દુઃખ કેદખાનામાં હોય છે? જો કોઈ અપરાધીને પૂછવામાં આવે કે તું ફાંસીએ ચઢવા તૈયાર છે કે કેદખાનામાં રહેવા માટે? તો તે સ્પષ્ટ કહેશે કે હું ફાંસીએ લટકવા તૈયાર નથી પણ કેદખાનામાં રહેવા તૈયાર છું. વળી કોઈ માણસ ભોજન કરવા બેઠો હોય તેની પાસેથી પીરસેલી થાળી લઈ લેવામાં આવે અને તેને ત્યાંથી કાઢી મૂકવામાં આવે તો તે શું પોતાને સુખ થયું એમ માનશે?

આજકાલ કોઈ ગાય આદિ પશુઓ સરકારી જંગલમાં જઇ ઘાસ અને પાંદડાં (કે જે પોતાનું ભોજન છે) મ્હેસુલ

આપ્યા વગર ખાય અથવા ખાવા જાય તો બિચારાં એ પશુઓ અને એના ધણીઓની ઘણી જ ખરાબ દશા થાય છે. જંગલમાં આગ લાગે એની ચિંતા નથી, પણ એને પશુઓ ન ખાય એની જ ચિંતા હોય છે !! અમે કહીએ છીએ કે કોઈ ક્ષુધિત રાજા અથવા રાજપુરુષ સમક્ષ લાવેલા ભાત અને ડબલ રોટી ઝુંટવી લેવામાં આવે અને એને ભૂખ્યા રાખી એમની દુર્દશા કરવામાં આવે તો શું એમને દુઃખની વેદના નહીં થાય? તેજ પ્રમાણે એ પશુઓ, પંખીઓ અને એના સ્વામીઓને દુઃખ નહિ થતું હોય? ધ્યાન આપો કે, સુખ અને દુઃખની અસર જેવી આપણને થાય છે તેવી જ બીજાને પણ થાય છે, એમ સમજવું જોઇએ. અને આ પણ ધ્યાનમાં રાખો કે પશુ આદિના તથા એના સ્વામીના અને ખેતી આદિ કર્મ કરનારી પ્રજાના અધિક પુરુષાર્થથી રાજાનું ઐશ્વર્ય વૃદ્ધિ પામે છે અને અલ્પ પુરુષાર્થથી એ ઐશ્વર્ય નાશ પામે છે. રાજા પ્રજા પાસેથી જે કર લે છે તે પ્રજાની યથાવત્ રક્ષા કરવા માટે જ હોય છે પણ રાજા અને પ્રજાના સુખનું કારણ જે ગાય આદિ પશુઓ છે તેનો નાશ કરવા માટે કર લેવાતો નથી. માટે આજ સુધી જે થયું તે થયું પણ હવે પછી આંખ ઉઘાડો અને બધાને હાનિકારક કર્મો ન કરો અને ન કરવા દ્યો. અમારા જેવાઓનું તો આજ કામ છે કે આપ લોકોને ભલાઇ અને બુરાઇનાં કામો જણાવી દેવાં અને આપ લોકોનું એ જ કામ છે કે પક્ષપાતનો ત્યાગ કરી બધાની રક્ષા અને ઉન્નતિ કરવામાં તત્પર થઇ જાવ. સર્વ શક્તિમાન્ જગદીશ્વર આપણી ઉપર પૂર્ણ કૃપા કરે કે જેથી

અમે અને તમે વિશ્વને હાનિકારક કર્મને છોડી સર્વોપકારક કર્મો કરી આનંદમાં રહીએ. ભાઇઓ, આ બધું સાંભળી ફેંકી ન દેતા પણ હૃદયમાં સ્થિર કરજો અને એ અનાથ પશુ-ઓના પ્રાણોને જલદી બચાવો.

હે મહારાજાધિરાજ જગદીશ્વર ! એને (પશુઓને) જો કોઇ ન બચાવે તો આપ એની રક્ષા કરવામાં અને અમારી પાસે કરાવવામાં જલદી તત્પર થાવ.

ઇતિ સમીક્ષા પ્રકરણ.

એ સભાના નિયમ.

૧ સર્વ વિશ્વને વિવિધ સુખ પહોંચાડવું, એ આ સભાનો મુખ્ય ઉદ્દેશ છે. કોઇની હાનિ કરવી એ પ્રયોજન નથી.

૨ જે જે પદાર્થ સૃષ્ટિક્રમાનુકૂળ છે અને તે જે પ્રકારે અધિક ઉપકારમાં આવે, તે પદાર્થો વડે આપ્ત પુરુષોના અભિપ્રાય પ્રમાણે યથાયોગ્ય સર્વનું હિત સિદ્ધ કરવું, એ આ સભાનો પરમ પુરુષાર્થ છે.

૩ જે કર્મોથી હાનિ ઘણી અને લાભ થોડો થાય તેને આ સભા કર્ત્તવ્ય સમજતી નથી.

૪ જે મનુષ્ય આ પરમ હિતકારી કાર્યમાં તન, મન અને ધનથી પ્રયત્ન અને સહાયતા કરશે, તે આ સભામાં પ્રતિષ્ઠાને યોગ્ય થશે.

૫ જો કે આ કાર્ય સર્વ હિતકારી છે, એટલા માટે આ સભા મનુષ્ય જાતિ પાસેથી સહાયતાની પૂરેપૂરી આશા રાખે છે.

૬ જે સભા દેશ દેશાંતર અને દ્વીપ દ્વીપાંતરમાં પરોપકાર કરવો એ અભીષ્ટ સમજે છે, તે આ સભાની સહાયકારિણી સભા સમજવામાં આવશે.

૭ જે માણુસ રાજનીતિ કે પ્રજાના હિતની વિરુદ્ધ સ્વાર્થ, ક્રોધ અને અવિદ્યાદિ દોષોથી પ્રમત્ત થઇને રાજા અને પ્રજાને માટે અનિષ્ટ કર્મ કરશે તેનો આ સભા સાથે સંબંધ સમજવામાં આવશે નહિ.

ઉપનિયમ.

૧ આ સભાનું નામ "ગોકૃષ્યાદિરક્ષિણી" છે.

ઉદ્દેશ.

૨ આ સભાનો ઉદ્દેશ એ જ છે, કે જે એના નિયમોમાં વર્ણવેલો છે.

૩ જે માણસ આ સભામાં નામ લખાવવા ચાહે* અને એના ઉદ્દેશાનુકૂળ આચરણ કરવા ઇચ્છે તે આ સભામાં પ્રવિષ્ટ થઇ શકશે. પરંતુ તેની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ. જે લોકો એ સભામાં પ્રવિષ્ટ થશે, તેઓ ગોરક્ષક સભાસદ કહેવાશે.

૪ જેનું નામ એ સભામાં સદાચારથી એક વર્ષ સુધી રહ્યું હોય, અને તે પોતાની ઉપજનું શતાંશ કે અધિક માસિક કે વાર્ષિક લવાજમ એ સભાને આપે તે ગોરક્ષક સભાસદ થઇ શકશે. અને સંમતિ દેવાનો અધિકાર કેવળ ગોરક્ષક સભાસદોને જ રહેશે.

અ. ગોરક્ષક સભાસદ બનવા માટે "ગોકૃષ્યાદિરક્ષિણી" સભામાં એક વર્ષ સુધી નામ રહેવાનો નિયમ કોઇ કારણને લીધે અંતરંગ સભા શિથિલ પણ કરી શકે

*એ સભામાં નામ લખાવવાને માટે મંત્રી પાસે આ પ્રકારનો પત્ર મોકલવો જોઇએ કે, 'હું પ્રસન્નતા પૂર્વક આ સભાના ઉદ્દેશાનુકૂળ (કે જે નિયમોમાં વર્ણવેલું છે તે પ્રમાણે) આચરણ કરવા સ્વીકારૂં છું. મારૂં નામ એ સભામાં નોંધી લેશો.' પરંતુ આ સભાને ખાસ વિશેષ સંયોગોમાં એનું નામ ન સ્વીકારવાનો અધિકાર રહેશે.

છે, આ સભામાં એક વર્ષ સુધી રહીને ગોરક્ષક સભાસદ બનવાનો નિયમ "ગોકૃષ્યાદિરક્ષિણી" સભાના બીજા વર્ષથી કામમાં આવશે.

ખ. રાજા, સરદાર અને ધનિક આદિને આ સભાના સભાસદ બનવા માટે શતાંશ જ લવાજમ દેવું આવશ્યક નથી. તેઓ એક વાર કે માસિક અથવા વાર્ષિક પોતાના ઉત્સાહાનુસાર દઇ શકે છે.

ક. અંતરંગ સભા કોઇ વિશેષ હેતુથી લવાજમ ન દેવાવાળા પુરુષને પણ ગોરક્ષક સભાસદ બનાવી શકે છે.

ડ. નીચે લખેલી વિશેષ દશાઓમાં જેઓ ગોરક્ષક સભાસદ ન બન્યા હોય, તે સભાસદોની પણ સંમતિ લેવામાં આવી શકે છે.

૧ જ્યારે નિયમોમાં ન્યૂનાધિક શોધન કરવું હોય..

૨ વિશેષ અવસ્થામાં અંતરંગ સભા તેમની સંમતિ લેવા યોગ્ય અને આવશ્યક સમજે.

૩ જે એ સભાના ઉદ્દેશથી વિરુદ્ધ વર્તન કરશે તેને ગોરક્ષક કે ગોરક્ષક સભાસદ ગણવામાં આવશે નહિ.

૪ ગોરક્ષક સભાસદ બે પ્રકારના થશે. એક સાધારણ અને બીજા માનનીય. માનનીય ગોરક્ષક સભાસદ તેઓ થશે કે જેઓ શતાંશ, રૂા. ૧૦ માસિક, કે એનાથી અધિક આપે, અથવા એક વાર રૂા. ૨૫૦ આપે, અથવા જેને અંતરંગ સભા વિદ્યા આદિ શ્રેષ્ઠ ગુણોથી માનનીય સમજે.

૫ એ સભા બે પ્રકારની થશે, એક સાધારણ બીજી અંતરંગ.

૬ સાધારણ સભા ત્રણ પ્રકારની થાય. એક માસિક બીજી છમાસિક અને ત્રીજી નૈમિત્તિક.

૭ "માસિક સભા" પ્રતિમાસ એક વાર થયા કરે, તેમાં મહીના સુધીની આવક, જાવક અને સભાના કાર્ય-કર્તાઓના કાર્યનું વર્ણન કરવામાં આવે, કે, જે નોંધવા યોગ્ય હોય.

૮ "છ માસિક સભા" કાર્તિક અને વૈશાખ માસને અન્તે થયા કરશે, તેમાં ઉત્તમ પુરુષના વિચાર, માસિક સભાનાં કાર્ય તથા આવક જાવક ને સમજવા અને સમજાવવામાં આવશે.

૯ "નૈમિત્તિક સભા" આ સભા જ્યારે મંત્રી, પ્રધાન અને અંતરંગ સભાને જરૂર જણાશે ત્યારે થશે. અને તેમાં વિશેષ કાર્યોનો પ્રબંધ થશે.

૧૦ "અંતરંગ સભા" સભાનાં સર્વકાર્યની વ્યવસ્થા માટે એક અંતરંગ સભા નિયત કરવામાં આવશે. આમાં ત્રણ પ્રકારના સભાસદો રહેશે. એક પ્રતિનિધિ, બીજા પ્રતિષ્ઠિત અને ત્રીજા અધિકારી.

૧૧ "પ્રતિનિધિ સભાસદ્" પોત પોતાના સમુદાયનો 'પ્રતિ-નિધિ' થઇ શકશે અને તેને તેનો સમુદાય નિયત કરશે. કોઈ પણ સમુદાય જ્યારે ઇચ્છશે ત્યારે પોતાના પ્રતિનિધિને બદલી શકશે.

પ્રતિનિધિ સભાસદોનાં વિશેષ કાર્યો આ પ્રમાણે રહેશે.

(अ) પોત પોતાના સમુદાયની સંમતિથી પોતાને જાણીતા રાખવા.

(ब) અંતરંગ સભાનાં જે જે કાર્યો પ્રગટ કરવા યોગ્ય હોય તે પોત પોતાના સમુદાયને બતાવવાં.

(क) પોત પોતાના સમુદાયમાંથી લવાજમ ઉઘરાવી કોષાધ્યક્ષને આપવું.

૧૨ પ્રતિષ્ઠિત સભાસદોને પણ વિશેષ ગુણોને લીધે વાર્ષિક, નૈમિત્તિક અને સાધારણ સભામાં નિયત કરવામાં આવશે. પ્રતિષ્ઠિત સભાસદો અંતરંગ સભામાં એક તૃતીયાંશથી વધારે ન રહી શકે.

૧૩ હરેક વૈશાખ માસની સભામાં અંતરંગ સભાના પ્રતિષ્ઠિત અને અધિકારી સભાસદો વાર્ષિક સભામાં ફરીથી નિયત કરવામાં આવશે. અને કોઇ જુના પ્રતિષ્ઠિત અને અધિકારીઓને પણ ફરીથી નિયુક્ત કરી શકાશે.

૧૪ જો વરસ પૂરૂં થયા પહેલાં કોઇ પ્રતિષ્ઠિત અથવા અધિકારીનું સ્થાન ખાલી પડે તો અંતરંગ સભા પોતે જ તેના સ્થાન પર કોઇ બીજા યોગ્ય પુરુષને નીમી શકશે.

૧૫ અંતરંગ સભા પોતે કાર્યના પ્રબંધ માટે ઉચિત વ્યવસ્થા કરી શકશે પરંતુ તે (વ્યવસ્થા) નિયમો અને ઉપનિયમોથી વિરુદ્ધ ન હોવી જોઇએ.

૧૬ અંતરંગ સભા કોઈ વિશેષ કાર્ય કરવા અથવા તેના (વિશેષ કાર્યના) ઉપર વિચાર કરવા પોતામાંના સભાસદોને અને વિશેષ ગુણ ધરાવનારા સભાસદોને મેળવી ઉપસભા નિયત કરી શકશે.

૧૭ અંતરંગ સભાનો કોઇ પણ સભાસદ મંત્રીને એક અઠવાડીઆ પહેલાં ખબર આપી શકશે કે, અમુક વિષય સભામાં નિવેદિત કરવામાં આવે અને તે વિષય પ્રધાનની આજ્ઞાનુસાર નિવેદિત કરવો જોઇએ. પરંતુ જે વિષયના નિવેદનને માટે અંતરંગ સભાના પાંચ સભાસદો સંમતિ આપે તે વિષય અવશ્ય નિવેદિત કરવો.

૧૮ બબ્બે અઠવાડીઆ પછી અંતરંગ સભા જરૂર થયા કરશે. તથા મંત્રી અને પ્રધાનની આજ્ઞાથી અથવા જ્યારે અંતરંગ સભાના પાંચ સભાસદો મંત્રીને પત્ર લખે ત્યારે પણ ભરી શકાશે.

૧૯ અધિકારી છ પ્રકારના થઈ શકશે. (૧) પ્રધાન. (૨) ઉપપ્રધાન. (૩) મંત્રી. (૪) ઉપમંત્રી. (૫) કોષાધ્યક્ષ. (૬) પુસ્તકાધ્યક્ષ.

એમાં 'મંત્રી' 'કોષાધ્યક્ષ' 'પુસ્તકાધ્યક્ષ' આ ત્રણના અધિકારો ઉપર આવશ્યક્તાને લીધે એક કરતાં વધારે પણ નિયત થઈ શકશે. જ્યારે કોઈ આધકાર ઉપર એક કરતાં વધારે અધિકારીઓ નિયત થાય ત્યારે અંતરંગ સભા તેમને કાર્ય વહેંચી આપે.

પ્રધાન.

૨૦ પ્રધાનનાં કામ નીચે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

(૧) પ્રધાનને અંતરંગ સભા આદિ સર્વ સભાઓના સભાપતિ સમજવામાં આવશે.

(૨) પ્રધાન સભાનાં સર્વ કાર્યોનો યોગ્ય પ્રબંધ કરવામાં અને સભાની સર્વથા રક્ષા અને ઉન્નતિ કરવામાં સદા

તત્પર રહે. સભાનું પ્રત્યેક કાર્ય નિયમાનુસાર ચાલે છે કે નહિ તેની તપાસ રાખે અને પોતે નિયમાનુસાર વર્તે.

(૩) જો કોઇ વિષય કઠણ અને આવશ્યક જણાય તો તેનો ઉચિત પ્રબંધ તત્કાળ કરે અને તેની હાનિમાં એ પોતે જ ઉત્તરદાતા રહે.

(૪) પ્રધાન પોતાના પ્રધાનપણાને કારણે અંતરંગ સભા જે જે ઉપસભાઓ સ્થાપે તેનો સભાસદ્ થઇ શકશે.

ઉપપ્રધાન

૨૧ ઉપપ્રધાનનું એ કાર્ય છે કે, પ્રધાનની અનુપસ્થિતિમાં તેનો પ્રતિનિધિ તે થાય. જો બે કે તેથી વધારે ઉપપ્રધાન હોય તો સભાની સંમતિ પ્રમાણે તેઓમાંથી કોઇ એકને પ્રતિનિધિ બનાવવામાં આવે પરંતુ સભાનાં સર્વ કાર્યોમાં પ્રધાનને સહાયતા આપવી એ એનું મુખ્ય કાર્ય ગણાશે.

મંત્રી.

૨૨ "મંત્રી"નાં નીચે દર્શાવ્યા પ્રમાણે આધકાર અને કાર્ય છે.

(૧) અંતરંગ સભાની આજ્ઞા પ્રમાણે સભા તરફથી સર્વની સાથે પત્રવ્યવહાર રાખવો.

(૨) સભાઓના વૃત્તાંત લખવા અને બીજી સભા થવાની હોય તે પહેલાં જ પૂર્વ વૃત્તાંત પુસ્તકમાં લખવો અથવા લખાવવો.

(૩) માસિક અંતરંગ સભામાં જે ગોરક્ષક અથવા ગોરક્ષક સભાસદો ગત છેલ્લી માસિક સભા પછી સભામાં પ્રવિષ્ટ થયા હોય અથવા તેમાંથી અલગ થયા હોય તેમનાં નામ વાંચી સંભળાવવાં.

(૪) સામાન્ય રીતે હરેકના કામ ઉપર નજર રાખવી અને સભાના નિયમ ઉપનિયમ તથા વ્યવસ્થાના પાલન ઉપર ધ્યાન રાખવું.

(૫) એ વાતનું પણ ધ્યાન રાખવું કે, પ્રત્યેક ગોરક્ષક સભાસદ્ કોઈને કોઈપણ સમુદાયમાં હોય, અને એ પણ ધ્યાન રાખવું કે, એને પ્રત્યેક સમુદાયે પોતાના તરફથી અંતરંગ સભામાં પ્રતિનિધિ તરીકે ચુંટેલો હોય.

(૬) પહેલાં વિજ્ઞાપન આપ્યા પ્રમાણે માન્ય પુરુષોને સત્કાર-પૂર્વક બેસાડવા.

(૭) હરેક સભામાં નિયત સમયે આવવું અને બરાબર રહેવું.

કોષાધ્યક્ષ.

૨૩ "કોષાધ્યક્ષ"નાં નીચે દર્શાવેલાં કર્તવ્ય અને અધિકાર રહેશે.

(૧) સભાની સઘળી આવક લેવી, તેની રસીદ આપવી અને તેને ઉચિત રીતે રાખવી.

(૨) કોષાધ્યક્ષે અંતરંગ સભાની આજ્ઞા વિના કોઇને રૂપીઆ આપવા નહિ. મંત્રી અને પ્રધાનને પણ તેટલા રૂપીઆ આપવા કે જેટલા અંતરંગ સભાએ

તેને માટે (મંત્રી અને પ્રધાનને માટે) નિયત કર્યાં હોય, વધારે આપવા નહિ. અને એ ધનના ઉચિત વ્યય માટે જેની મારફત એ ધનનો વ્યય થયો હોય તેજ અધિકારી તેનો ઉત્તરદાતા રહેશે.

(૩) સઘળા ધનના વ્યયની પદ્ધતિસર ખાતાવહી રાખવી અને દરેક મહિને અંતરંગ સભામાં ખાતાવહી હિસાબ, તપાસ અને સ્વીકારને માટે નિવેદિત કરવી.

પુસ્તકાધ્યક્ષ.

૨૪ "પુસ્તકાધ્યક્ષ" નાં અધિકાર અને કાર્ય એ છે કે, પુસ્તકાલયમાં સભાનાં સ્થિર અને વિક્રયનાં જે પુસ્તકો હોય તેની રક્ષા કરવી, પુસ્તકાલય સંબંધી હિસાબ પણ રાખવો તથા પુસ્તકો લેવા દેવાનું કામ પણ કરવું.

મિશ્રિત નિયમ.

૨૫ નીચે બતાવેલી પરિસ્થિતિમાં સર્વ ગોરક્ષક સભાસદોની સંમતિ લેવામાં આવે.

(૧) અંતરંગ સભાનો એવો નિશ્ચય હોય કે, સાધારણ સભાના અમુક સિદ્ધાંત ઉપર નિશ્ચય ન કરવો જોઇએ, કિંતુ એમાં ગોરક્ષ સભાસદોની સંમતિ જાણવી જોઇએ.
સભાના અમુક સિદ્ધાંત ઉપર નિશ્ચય ન કરવો જોઇએ,

(૨) સર્વ ગોરક્ષક સભાસદોનો પાંચમો અથવા વધારે ભાગ એ નિમિત્તે મંત્રીને પત્ર લખી મોકલે.

(૩) જ્યારે ઘણા વ્યય સંબંધી, પ્રબંધ સંબંધી, નિયમ સંબંધી અને વ્યવસ્થા સંબંધી ખાસ કોઇ

વિચાર-આદિ કરવો હોય, અથવા જ્યારે અંતરંગ સભા સર્વ ગોરક્ષક સભાસદોની સંમતિ જાણવા માગે.

૨૬ થોડા સમયને માટે કોઇ સભામાં જો કોઇ અધિકારી હાજર ન રહી શકે તો તે સમયને માટે કોઈ યોગ્ય પુરુષને અંતરંગ સભા નિયત કરી શકશે.

૨૭ જો કોઇ અધિકારીના સ્થાન ઉપર વાર્ષિક સભામાં કોઇ પુરુષને નીમવામાં ન આવ્યો હોય તો જ્યાંસુધી તેના સ્થાન પર કોઇને નીમવામાં ન આવે ત્યાંસુધી તે જ અધિકારી પોતાનું કામ કરતો રહેશે.

૨૮ બધી સભા અને ઉપસભાનું વૃત્તાંત લખવામાં આવે અને તેને ગોરક્ષક સભાનો કોઇપણ સભાસદ જોઇ શકશે.

૨૯ બધી સભાઓમાં કાર્ય ત્યારે જ શરૂ થઈ શકશે કે જ્યારે ઓછામાં ઓછા એક તૃતીયાંશ સભાસદો હાજર હોય.

૩૦ બધી સભાઓ અને ઉપસભાઓનાં બધાં કામ બહુમતિને અનુસરીને નિશ્ચિત થવાં જોઇએ.

૩૧ આવકનો દશમો ભાગ સમુદાયમાં રાખવો જોઇએ.

૩૨ બધા ગોરક્ષકો અને ગોરક્ષક સભાસદોએ આ સભાની ઉપયોગી વેદાદિ વિદ્યા જાણવી અને જણાવવી જોઇએ.

૩૩ બધા ગોરક્ષક અને ગોરક્ષક સભાસદોને ઉચિત છે કે, તેઓ લાભ અને આનંદને વખતે સભાની ઉન્નતિ માટે ઉદારતા અને પૂર્ણ પ્રેમ ભરી દષ્ટિ રાખે.

૩૪ સર્વ ગોરક્ષક અને ગોરક્ષક સભાસદોને ઉચિત છે કે, શોક અને દુ:ખના સમયમાં પરસ્પર સહાયતા કરે અને આનન્દ–ઉત્સવમાં નિમંત્રણ પર સહાયક થઇ ન્હાનપ અને મ્હોટપ ન ગણે.

૩૫ કોઇપણ કારણથી જો કોઇ ગોરક્ષક ભાઈ, કોઈ વિધવા અથવા કોઈ બાળક અનાથ થઇ જાય એટલે કે એની આજીવિકા ન ચાલી શકતી હોય અને ગોકૃષ્યાદિ રક્ષિણી સભા એને યથાર્થરૂપમાં જાણી લે તો આ સભા એની રક્ષામાં યથાશક્તિ ઉચિત પ્રબંધ કરે.

૩૬ જો ગોરક્ષક સભાસદોમાં અરસ્પરસ ઝઘડો થઈ જાય તો તેઓએ માંહોમાંહે સમજી લેવું એ ઉચિત ગણાશે. અથવા ગોરક્ષક–સભાસદોની ન્યાય–ઉપસભા દ્વારા એનો ન્યાય કરાવી લેવો. તેમ છતાં અશકય જણાતું હોય તો રાજનીતિ દ્વારા પણ ન્યાય કરાવી લેવો.

૩૭ આ ગોકૃષ્યાદિ રક્ષિણી સભાના વ્યવહારમાં જેટલું ધન મળે તે બધું સાર્વજનિક હિત કાર્યમાં લગાવવું. તુચ્છ કાર્યમાં આ ઉત્તમ ધનનો વ્યય કરવો નહિ. અને ગોકૃષ્યાદિની રક્ષા માટે જે કંઈ ધન છે તેની જે કોઈ ચોરી કરશે તે ગોહત્યાના પાપનો ભાગી થવાથી આ લોક અને પરલોકમાં મહાદુ:ખનો ભાગી અવશ્ય થશે.

૩૮ હાલમાં આ સભાના ધનનો વ્યય ગવાદિ પશુઓ વેચાતાં લેવામાં, એનું પાલન કરવામાં, એને માટે જંગલ અને ઘાસ ખરીદવામાં, એની રક્ષા કરવા માટે નોકરો અને અધિકારીઓ રાખવામાં તથા તળાવ, કુવા,

વાવ અને વાડાઓ બંધાવવામાં કરવો અને જ્યારે સ્થિતિ ઘણી જ ઉન્નતિમાં આવે ત્યારે એના ધનનો વ્યય સર્વહિત કાર્યોમાં પણ કરવો.

૩૯ બધા સજ્જનોને ઉચિત છે કે, તેઓ આ ગોરક્ષક ધન આદિ સમુદાયની સ્વાર્થદૃષ્ટિથી હાનિ કરવાનું કોઇ પણ દિવસ મનથી પણ ન વિચારે, પરંતુ યથાશક્તિ આ વ્યવહારની ઉન્નતિમાં તન, મન અને ધનથી ઉત્તમ પ્રયત્ન સદા કર્યા કરે.

૪૦ આ સભાના સભાસદોએ જરૂર જાણવું જોઇએ કે, જ્યારે ગાય આદિ પશુઓ રક્ષિત થઇ તેની ઘણી વૃદ્ધિ થશે ત્યારે કૃષિ આદિ કર્મ, દૂધ અને ઘી આદિની વૃદ્ધિ થશે અને માણસોને વિવિધ સુખનો લાભ જરૂર થશે. એના વગર બધાનું હિત થવું અસંભવિત છે.

૪૧ જુઓ, આગળ બતાવ્યા પ્રમાણે એક ગાયની રક્ષા કરવામાં લાખો માણસોને લાભ થાય છે અને એને મારવાથી એટલાંજ માણસોને હાનિ પહોંચે છે. માટે એવા નિકૃષ્ટ કર્મ કરવાને આપ્ત વિદ્વાન્ પુરુષો કોઇ દિવસ પણ સારૂં સમજતા નથી.

૪૨ આ સભાના ગાય આદિ જે પશુઓ વિયાય, એનું દૂધ એક માસ સુધી એનાં વાછરૂને પાવું અને વધેલું દૂધ એ જ પશુઓને અન્ન સાથે આપી દેવું, અને બીજે મહીને ત્રણ આંચળોનું દૂધ વાછરૂન પાવું અન એક આંચળનું દૂધ લેવું, અને ત્રીજા મહીનાના આરંભથી

અડધું દૂધ લેવું અને અડધું વાછરૂને ત્યાં સુધી પાયા કરવું કે જ્યાં સુધી ગાય દૂધ આપ્યા કરે.

૪૩ સભાસદો જ્યારે જ્યારે પોતાનું પાળેલું પશુ કોઈને આપે ત્યારે ત્યારે ન્યાય-નિયમ પૂર્વક વ્યવસ્થાપત્ર લેવું અને દેવું. જ્યારે એ પશુ અસમર્થ થઈ જાય અર્થાત્ એને કામનું ન રહે અને એનું પાલન કરવા માટે સામર્થ્ય ન હોય તો કોઈ બીજાને તે ન આપી શકે પણ ફરીથી સભાને જ સ્વાધીન કરે, આમ કરવું બધા સભાસદોને માટે ઉચિત છે.

૪૪ આ સભાની અંતરંગ સભાને ઉચિત છે એટલું જ નહીં પણ અત્યંત આવશ્યક છે કે, ઉપર કહ્યા પ્રમાણે અપ્રાપ્ત પશુઓની પ્રાપ્તિ, પ્રાપ્તની રક્ષા અને રક્ષિતોની વૃદ્ધિ કરવી. તથા વૃદ્ધિ પામેલા પશુઓ પાસેથી નિયમાનુસાર અને સૃષ્ટિક્રમ પ્રમાણે ઉપકાર લેવો. એને પોતાના અધિકારમાં સદા રાખવાં બીજા કોઈને પણ એમાં સ્વાધીનતા આપવી નહિ.

૪૫ આ કાર્ય ઘણું ઉપકારી છે માટે આ કાર્યનો કરનારો આ લોક અને પરલોકમાં સ્વર્ગ અર્થાત પૂર્ણ સુખોને અવશ્ય મેળવશે.

૪૬ કોઈ પણ માણસ આ સભાના ઉપર કહેલા ઉદ્દેશો પાળ્યા વગર સુખની વૃદ્ધિ કરી શકશે નહિ.

૪૭ શું એવો કોઈ પણ માણસ સંસારમાં હશે કે, જે પોતાનાં સુખ દુઃખ માફક બીજાં પ્રાણીઓનાં સુખ દુઃખ પોતાના આત્મામાં ન સમજતો હોય ?

૪૮ આ નિયમો અને ઉપનિયમો યોગ્ય સમય આવ્યે અથવા પ્રતિવર્ષ યથોચિત વિજ્ઞાપન આપ્યા પછી સંશોધિત કરવામાં આવે અથવા એમાં વધારો ઘટાડો પણ કરી શકાય.

ओ३म् सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै। तेजस्विना वधीत मस्तु मा विद्विषावहै॥

ओ३म शान्तिः शान्तिः शान्तिः।

धेनुपरा दयापूर्वा यस्यानन्दाद् विराजते।
निर्मित इतिनाम्नायां ग्रन्थो गोकरुणानिधिः॥१॥
मुनिरामाङ्कचन्द्रेऽब्दे तपस्यस्यासिते दले।
दशम्यां गुरुवारेऽलंकृतोऽयं कामधेनुपः॥२॥

इति गोकरुणानिधिः

ગાયની રક્ષા.

सूयवसाद् भगवती हि भूया अथो वयं भगवन्तः स्याम। अद्धि तृणमघ्न्ये विश्वदानीं पिब शुद्धमुदक माचरन्ती ॥

ઋગ્વેદ. ૨–૩, ૨૧–૫

ભાવાર્થ:—ગાયના રક્ષણથી ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. એને ચરવાને માટે ગોચરની વ્યવસ્થા કરવી જોઇએ. સારૂં અને ઉત્તમ ઘાસ ખાવાથી ગાય પુષ્ટ થાય છે અને એની પુષ્ટિને લીધે આપણને પુષ્ટિ મળે છે. ગાયનું હનન કદીપણ કરવું નહિ, કોઇપણ સ્થિતિમાં એ અઘ્ન્યા એટલે અવધાર્હ છે. એનાથી માનવ જાત ઉપર અનેકવિધ ઉપકાર થાય છે. ગાયને જળ પણ ઉત્તમ પાવું જોઈએ. શુદ્ધ જળના પાનથી એનામાં આરોગ્ય રહે છે. અને તેના આરોગ્યમાં માનવીય જાતિનું પણ આરોગ્ય છે. આ કારણને લીધે ગાય આદિ પશુઓને માટે ઉત્તમ જળાશયો પણ બંધાવવાં જોઈએ.

॥ ઓ૩મ્ ॥

શ્રીમતી મુંબઈ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભા આણંદ તરફથી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની યાદી

સત્યાર્થપ્રકાશ	ગ્લેઝ કાગળ પાકું બાઈન્ડીંગ	૧—૦—૦
,,	અનગ્લેઝ કાગળ બોર્ડનું કાચું પુઠું	૦—૮—૦
,,	અનગ્લેઝ કાગળ કાચું પુઠું	૦—૫—૦
ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકા	ગ્લેઝ કાગળ પાકું પુઠું	૧—૦—૦
,,	,, કાચું પુઠું	૦-૧૨-૦
સંસ્કારવિધિ		૧—૦—૦
વિવાહ સંસ્કારવિધિ		૦—૬—૦
સીમંતોન્નયન સંસ્કારવિધિ		૦—૩—૦
જાતકર્મ સંસ્કારવિધિ		૦—૩—૦
નામકરણ સંસ્કારવિધિ		૦—૩—૦
ચૂડાકર્મ સંસ્કારવિધિ		૦—૩—૦
ઉપનયન અને વેદારંભ સંસ્કારવિધિ		૦—૬—૦
આર્યસમાજ અને રાષ્ટ્રીય મહાસભા		૦—૩—૦
સંધ્યા અને બ્રહ્મયજ્ઞ		૦—૧—૦
મુસલમાનોને ખુલ્લો પત્ર		૦—૧—૦
આર્યાભિવિનય		૦—૨—૦
યુગાવતાર સ્વામી દયાનંદ અને તેમનો આર્યસમાજ		૦—૨—૦
હિંદુજાતિમાં આર્યસમાજનું સ્થાન		૦—૧—૦
પ્રમાણ અપ્રમાણ ગ્રંથો		૦—૪—૦
જનોઈ		૦—૨—૦
પુરુષાર્થપ્રકાશ (બ્રહ્મચર્ય પ્રકરણ)		૦—૫—૦
કેનોપનિષદ્ (પ્રચારાર્થ અડધી કીંમત)		૦—૩—૦
ઈશોપનિષદ્	,,	૦—૧—૦

પં. ગુરુદત્તના લેખો તથા તેમનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર ભાગ ૧-૨-૩ દરેકના	૦-૨-૦
ક્રાન્તિકારક દયાનંદ	૦-૦-૯
સ્વમન્તવ્યામન્તવ્યપ્રકાશ	૦-૦-૩
આર્યસમાજ	૦-૨-૬
સંસ્કૃત ભાષા અને તેનું મહત્વ	૦-૧-૦
મૂર્તિ-મિમાંસા	૦-૬-૦
સંસ્કૃત પદ્ય માધુરી	૦-૧-૦
અસ્પૃશ્યતાનું કલંક	૦-૧-૬
ભજનાનન્દ ટ્રેકટમાળા, સો નંગના (જુદાંજુદાં અગીઆર જાતનાં ટ્રેકટો છે)	૨-૦-૦
પંચમહાયજ્ઞવિધિ	૦-૦-૯
ગૃહાશ્રમ (સ્વામી દયાનંદ સંસ્કાર વિધિમાંથી ઉદ્ધૃત)	૦-૬-૦
વિવાહ પ્રતિજ્ઞાના મંત્રો	૦-૧-૦
કઠોપનિષદ્	૦-૪-૦
આસન અને આરોગ્ય પાકું પુઠું	૧-૦-૦
,, કાચું પુઠું	૦-૧૨-૦
સૂર્યભેદન વ્યાયામ	૦-૬-૦
બ્રહ્મચર્ય (અથર્વ. ૧૧-૫ બ્રહ્મચર્ય સૂક્ત)	૦-૧૨-૦
આસન ચિત્રપટ	૦-૧-૦

શુદ્ધ ચાર વેદ: (સ્વાધ્યાય મંડળ, ઔંધદ્વારા પ્રકાશિત)

ઋગ્વેદ સંહિતા	કિંમત રૂ.	૩)
યજુર્વેદ ,,	,, ,,	૨)
સામવેદ ,,	,, ,,	૨)
અથર્વવેદ ,,	,, ,,	૩)
		૧૦

પરંતુ ચાર વેદના સેટ એક સામટા રેલ્વે પારસલથી મંગાવનારને પેકીંગ સાથે ફક્ત ૯-૮-૦